





દુશ્મનોનાં ય દિલમાં સદા રે'તાં હોય છે,
વરસાવે લાગણી, - ને પ્રેમ દેતા હોય છે,
લેતા હોય છે સૌની સલાહ ને શિખામણ -
રાખીને ચાલે સૌને સાથે એ નેતા હોય છે..
(લોખંડી નેતૃત્વ)

| | |
|---|---|
| છે 'રાજ-નાથ'<br>- પણ રાજ કરે કોઇ -<br>ચાવી દીધેલા..<br>(મોદીના 'મનમોહન') | ડણક સામે -<br>રાજી હો કે નારાજ -<br>પટાવો પૂંછ..<br>(વફાદાર પ્રાણીઓ..) |




## ચિંતન

*નારી પરમુખ દૃષ્ટિ કવિ વ્યવહાર વિત્ । અપથ્ય સેવી રોગી ચ ક્રિયા દ્વિભર્નોપ હસ્તે ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

'સદાય પરપુરૂષ તરફ મીટ માંડીને રહેનારી સ્ત્રી, વાસ્તવિક અને સંસાર-વ્યવહારના જ્ઞાનથી શૂન્ય કેવળ કલ્પનાવિહારી કવિ અને અપથ્યનું સેવન કરનાર રોગી-આ બધાં જગતના ઉપહાસને પાત્ર જ બને છે.'

પારકી આસ સદા નિરાશ, સદાય પરપુરૂષ (- કે સ્ત્રી) તરફ આશાભરી દૃષ્ટિથી જોનાર વ્યક્તિ ઉપહાસ ને પાત્ર બને છે. કારણ કે એમાં સરળતા જૂજ બાકી હતાશા-નિરાશા અને કલંક જ મળતા હોય છે. કવિ-લેખક જમીનની વાસ્તવિકતા-ધરતીના-સંસારમાં ચાલતા વ્યવહાર-સંબંધોને નજરમાં રાખી સમાજને ઉપયોગી મૂલ્યોની વાતો લખવી જોઇએ માત્ર સ્વર્ગીય આનંદની વાતો જનસમાજને કંઇ ઉપયોગી નથી.

આપણાં પેટ-પ્રકૃતિ-ચામડીને કઇ વાનગી ખોરાક, કયારે-કેટલા પ્રમાણમાં લેવા-ન-લેવો એ જાતે ન નક્કી કરવાનું હોય. દહીં-છાસ કેવી પ્રકૃતિની અનુકૂળ છે જાણી પછી જ તેનું સેવન થાય. રોગીને પોતાના શરીર પ્રકૃતિની ખબર હોય છતાં અપથ્ય સેવન કરે તો હેરાન જ થાય. આમ આ ત્રણ વ્યક્તિ પોતાની જ ભૂલને કારણે ઉપહાસ પાત્ર ઠરે છે.

## સુવિચાર

- બાહુમાં બળ ભરી, હૈયામાં હામ ભરી સાગર મઝધાર ઝુકાવીએ, આપણા વહાણના સઢને સુકાન તો આપણે હાથે જ સંભાળીએ - *સુભાષિત*
- ખેડૂત જેમ આખું ખેતર ખેડે છે પણ તે સાથે એક જગ્યાએ ઊંડો કૂવો કરે છે એ જ પ્રમાણે જ્ઞાનના બધા વિષયોનો માણસે સ્પર્શ કરવો જોઇએ અને તે સાથે એક વિષયમાં ઊંડા ઉતરવું જોઇએ - *એસ. ભટ્ટાચાર્ય*
- માણસ વાંચે છે ત્યારે પણ એ જીવનના સાગરમાં તરવા માટે ઉપયોગી નૌકા બનાવતો હોય છે.. જેવું જેનું વાંચન એવી એની નૌકા - *હરીન્દ્ર દવે*
- તમે નિર્દોષ હોવા છતાં ખોટા આપેક્ષો થતાં હોય ત્યારે બચાવ કરવાને બદલે ચૂપ રહેજો... તથા તમે ચૂપકીદી ધારણ કરીને શ્રેષ્ઠ વિરોધ પણ દર્શાવી જ શકો છો - *કાન્તિ ભટ્ટ*
- સુખ બિનશરતી છે અને તે હંમેશા હાજર જ છે આપણે શું છીએ, કેવા છીએ અને કેટલા સબળ છીએ તેના પર સુખનો આધાર છે - *રજનીશ*
- મોટા મનના માણસ પાસે કશુંક ધ્યેય હોય છે, જયારે સરેરાશ શક્તિવાળા માત્ર ઇચ્છાઓ રાખે છે, તમે ઇચ્છાઓ રાખ્યા કરતાં ઊંચું ધ્યેય રાખો - *રાજુ અંધારીયા*
- વસ્તુની આપ-લે કરવાથી કંઇ મિત્રો બનતા નથી પણ તમે નિષ્ઠાપૂર્વક તમારી આખી જાત આપો ત્યારે જ સાચો મિત્ર મળે છે - *ખલીલ જીબ્રાન*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

બાદશાહ દરબારમાં બેઠા હતા. ત્યાં એક વૃદ્ધ આવ્યો અને કહ્યું રાજન! તમારો માસીયાઇ ભાઇ છું. પણ દાન માગવા માટે આવ્યો છું. બાદશાહ કહે, પણ હું તને ઓળખતો નથી. પરિચય આપ અને વિગતે વાત કરે!

યાચક કહે, મારે બત્રીસ નોકર હતા. એક પછી એક છોડી ગયા, બે મિત્રો હતા એ પણ હવે સાથ આપતા નથી, બે ભાઇઓ છે એ પણ જેવો-તેવો સાથ આપે છે. પત્ની પણ અવળાસવળા જવાબ આપે છે અને જરૂરીયાત સમયે મદદ નથી કરતી.'

બાદશાહે બીરબલ સામે જોયું - બીરબલે આપી દેવા ઇસારાથી 'હા' પાડી. રાજાએ બીરબલને પૂછ્યું, પણ તું આને ઓળખે છે? બીરબલ હા પાડી. પહેલાં આને દાન આપી રવાના કરો... રાજાએ આદર સહિત દાન આપી એને વિદાય કર્યો. અને બીરબર તરફ જોયું.. આવો દરિદ્રીમારો માસીયાઇ કયાંથી હોય? તું એને કયાંથી ઓળખે?

બીરબલ કહે ગરીબી અને અમીરી બે બહેનો થાય - એ ગરીબની દીકરો તમારો ભાઇ થયો! બત્રીસ દાંત જતા રહ્યા. પગ સાથ નથી આપતા. હાથમાં ધ્રૂજારી હતી. જીભ લોચા વાળે છે યાદશક્તિ સમય પર કામ નથી આપતી.. એમ એ કહેતો હતો. અર્થઘટનથી બાદશાહ, બીરબલ પર ખૂશ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# રાજકીય પક્ષો તો એના એ જ છે, તેઓ ભાગ્યે જ સારા ઉમેદવારોની શોધ કરતા હોય છે, તેમનાં અંકગણિત જુદા હોય છે, જે જીતી શકે, નાણાં ખર્ચી શકે, તેની તેમને જરૂર હોય છે, અપવાદરૂપે કેટલાક સારા પણ સ્થાન પામી જતા હોય છે

## કયું લોક? કેવો લોકપ્રતિનિધિ? પ્રતિબિંબ સમયના

*- ડંકેશ ઓઝા*

પ્રતિવર્ષ આવતી વસંતનો ખ્યાલ બધા લોકોને આવતો નથી. એ તો આવે છે ને જાય છે. પરંતુ લોકશાહીમાં દર પાંચે વર્ષે આવતી ચૂંટણીની ખબર અને અસર છેક છેલ્લા માણસ સુધી થાય છે. કારણોમાં પડવા જેવું નથી. પરંતુ લાગે છે એવું કે ચૂંટણીનો ઘોંઘાટ, એનાં પડઘમ સર્વને જગાડી મૂકે છે. ચૂંટણીનો શાહી ઠાઠ પણ કંઇ ઓછો હોતો નથી. લોકશાહી બહુ વિચિત્ર પદ્ધતિ છે. 'લોક' કયારેક એક બાજુ રહી જાય અને શહેન'શાહી' બીજી બાજુ ચાલ્યા કરે છે! ચૂંટણીનો ખર્ચાળ હોય છે અને આ ખર્ચ ચાલ્યા કરે છે! ચૂંટણીનો ખર્ચાળ હોય છે અને આ ખર્ચ માત્ર આર્થિક હોય તો સમજ્યા; પરંતુ તે તો ભરપાઇ ન થઇ શકે એવો ખર્ચ ઊભો પણ કરતી જતી હોય છે.

સોળમી લોકસભાના પાંચસો તેંતાલીસ જેટલા ઉમેદવારોને કરોડો મતદારો છત્રીસ દિવસ સુધી ફેલાયેલા નવ તબક્કાના મતદાનમાં ચૂંટી કાઢશે. મુખ્ય ચૂંટણી કમિશનર સંપત સાહેબે વચન આપ્યું છે કે એકત્રીસમી મે સુધીનાં નવી લોકસભાની રચના થઇ જશે. લોકશાહીની મઝા જુઓ. સરકાર કયારે રચાશે તે કહેવાનું કામ ચૂંટણી કમિશનરનું નથી. લોકસભાની રચના સુધી તેમનો સત્તાધિકાર પહોંચે છે પછી શું થશે અને કયારે સરકાર રચાશે એ આપણે કેવા છીએ તે પ્રગટ કરીને રહેશે. નાનકડા રાજય દિલ્હીમાં સરકાર કેમ રચાઇ અને ઓગણપચ્ચાસ દિવસમાં સરકાર કયાં અદૃશ્ય થઇ ગઇ એનો તાજેતરનો અનુભવ આપણને બધાને છે. મહત્ત્વની વાત એ પણ છે કે આખા દેશમાં યુવાન મતદારોનું પ્રમાણ ખૂબ મોટું એટલે લગભગ ૪૪ % જેટલું છે. કહેવાતું તો એવું હતું કે ઘરડાં ગાડાં પાછાં વળે, હવે, આ યુવા મતદારો દેશને કઇ દિશામાં લઇ જશે તે આપણે જોઇશું.

દેશની સર્વોચ્ચ અદાલતમાં સરકારી ગાડીઓ પર જે લાલબત્તીઓ લગાવાય છે. તેનો કેસ ચાલે છે. લોકમાંથી લોકપ્રતિનિધિ બનીને સરકારમાં પહોંચી ગયા પછી જે લાલબત્તીનો ઠાઠ લોકશાહી સરકારનો અગ્રવર્ગ ભોગવે છે. તેની સામે જાહેરહિતની યાચિકા (PIL) સર્વોચ્ચ અદાલતમાં થઇ છે. ન્યાયમૂર્તિઓ સરકારી એટર્ની જનરલને પ્રશ્ન પૂછી રહ્યા છે : લોકશાહીમાં આ વી.આઇ.પી. વર્ગનું નામાભિધાન કોણે કર્યું? જયોર્જ ઓરવેલે બખૂબીભર્યું સરસ લખેલું કે બધા માણસો સમાન છે અને પછી તરત ઊમેરેલું કે કેટલાક, બીજાની સરખામણીએ વધુ સમાન છે. આ લોકશાહીની વિડંબના છે, જયાં બધા નાગરિકો સમાન હોય ત્યાં કેટલાક 'વધુ સમાન' બીજાને બાજાં પર ચઢી બેસે છે!

બધાંને આમ આદમી બની રહેવું ગમે છે. અન્ના હજારેની કૃપાથી દેશમાં આમ આદમીનો આખો રાજકીય પક્ષ ઊભો થઇ ગયો છે. મજાની વાત વળી એ છે કે આ આમ આદમી વિચારના પછીથી રચાઇ આવેલા રાજકીય પક્ષને જનકપિતાના આશીર્વાદ પ્રાપ્ત થયા નથી. વડાપ્રધાનના ઉમેદવાર બનીને દેશ આખા પર ઝળુંબી રહેલા નરેન્દ્ર મોદી પણ એવું કહે છે કે હું 'કોમન મેન' છું. આમ કહીને તેઓ C.M. શબ્દની નવી વ્યાખ્યા કરવા માંગે છે, એમ કહીને લોકોની નજીક સરવા લાગે છે. લોકોની નજીક રહેવા માગે છે. ચા-વાળાની વાત તો તે પછી આવી છે. તો એક બાજુ 'કોમન મેન' છે ને બીજી બાજુ 'વી.આઇ.પી.' અને એથી આગળ વધીને વી.વી.આઇ.પી. નામના અગ્રવર્ગો છે. ચિંતાનો વિષય એ છે કે આ બધું લોકશાહીમાં, લોકોના નામે અને લોકો થકી છે. કેજરીવાલ વીઆઇપી કલ્ચર ખતમ કરવા માંગે છે.

આપણે ભૂલી જઇએ છીએ કે વડાપ્રધાનને ચૂંટવાનું આપણા હાથમાં નથી. આપણે તો માત્ર એક સંસદ સભ્યને ચૂંટીશું. થાઉં થાઉં વડાપ્રધાન બે જગ્યાએથી ઉમેદવાર તરીકે ઊભા રહેશે તો પણ ચૂંટાયેલા ગણાશે તો એક જગ્યાએથી. બીજી 'પેટા-ચૂંટણી' આપણા માથે પડશે. મોટા ભાગના મતદારોને આની ખબર હોવી જોઇએ. મુખ્ય ચૂંટણી કમિશનરને આની ખબર છે એટલે આપણે આગળ કહ્યું કે મેં મહિનાના છેલ્લા દિવસ સુધીમાં લોકસભા રચાશે. સરકાર કયારે રચાશે એ તો ભગવાન જાણે!

એટલે સવાલ ઊભો થાય છે કે કયું લોક? કયા લોકો? લોકશાહી? કઇ સરકાર? અને કયા વીઆઇપી કે વીવીઆઇપીઓ? દુનિયાના બુદ્ધિશાળી લોકોએ સૌથી ઓછા દૂષણવાળી રાજકીય વિચારધારારૂપે લોકશાહીને ખોળી કાઢી હતી. આપણી કમનસીબી એ છે કે એના બધા જ દોષો, કદાચ ઓછા ગુણો અને વધારે દોષો, આપણી આંખ સામે આવીને ઊભા છે. ડો. બાબાસાહેબ આંબેડકરે દેશને બંધારણ ઘડી આપ્યા પછી જે કહ્યું હતું તે સતત યાદ આવ્યા વિના રહેતું નથી. કેવા લોકો બંધારણનો કેવો ઉપયોગ કરશે એનાથી તેનાં પરિણામો નક્કી થશે. આઝાદી નહિ આપવા ઇચ્છતો ઇંગ્લેન્ડનો વડાપ્રધાન ચર્ચીલ આપણા માટે કંઇક બોલી ગયો જે આપણને યાદ કરવું પણ ન ગમે. તે સાવ સ્વાભાવિક છે. પરંતુ દેશનાં છેલ્લા વર્ગમાંથી મેરીટને આધારે આગળ આવીને બંધારણના ઘડવૈયા બનેલા આંબેડકરે જે કંઇ કહ્યું તેટલું તો આપણે અંકે કરવું જોઇએ ને?

હજી તો ઉમેદવારો નક્કી થઇ રહ્યા છે. મોટાભાગના છાપેલા કાટલાં છે. ભેંસ ભાગોળે, છાશ વાગોળે ને ઘેર ધમાધમવાળો ઘાટ છે. મોદી સાહેબે ચૂંટણીની તારીખ જાહેર થાય તે પહેલાં આખું વાતાવરણ જાગ્રત (Cherged) કરી મૂક્યું છે. જાતજાતનાં ચૂંટણી સર્વેક્ષણો થાય છે અને તેના આધારે રાત્રીનાં પ્રાઇમટાઇમમાં બૂમબરાડા પાડીને દેશનાં બૌદ્ધિકો ચૂંટણીના ઘોંઘાટમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે. પ્રિન્ટ મીડિયા પણ કંઇ પાછળ નથી. લોકશાહીમાં અને દેશનાં રાજકારણમાં ડોકટરેટની પદવી હાંસલ કરવી હોય તો ગ્રંથાલયમાં જઇને તોથાં ન ઉથલાવવા પડે એટલે કાચો માલ છાપામાં પાને ઠલવાઇ રહ્યો છે. ચૂંટણીની તારીખો જાહેર થતાં પૂર્વે પાનાંઓ ભરીને જે જાહેરાતો રોજેરોજ પ્રગટતી હતી, તે અને અફસરોની બદલીની લાંબી યાદીઓ યાદ છે ને?

સવાલ એ છે કે લોકો અધીરા બન્યા છે. રાજકારણીઓ તેમનાથી પણ વધુ અધીરા બન્યા છે. લોકશાહી એક રીતે જોઇએ તો એલોપથીની દવા નથી. એ તો આયુર્વેદની પડીકી કે કવાથ છે. ઇન્દુચાચાની તાજછાપ સીગરેટ માફક તે 'ધીમી' બળે છે અને વધુ લહેજત આપે છે.' સાઇઠ-સીત્તેર વરસ આપણને ભલે બહુ લાંબા લાગતા હોય પરંતુ લોકશાહીના ઇતિહાસમાં તો કદાચ એ અલ્પવિરામ પણ નહિ હોય! તેને ગતિ ત્યારે મળશે જયારે લોકો વિરામ નહિ કરે. એક માહિતી અધિકારના લોકો વિચાર નહિ કરે. એક માહિતી અધિકારના કાયદાથી લોકો લોકપ્રતિનિધિઓથી આગળ નીકળી ગયા છે પરંતુ મુશ્કેલી એ છે કે મોટા ભાગના લોકોને હજુ પોતાની શક્તિઓનો અહેસાસ સુદ્ધાં નથી. આક્ષેપો-પ્રતિઆક્ષેપો અને નાની મોટી સભાઓ અને વિગતોના ધોધ ઠલવાશે. તેમાંથી આપણે કામનું શું છે તે શોધી કાઢવામાં સામાન્ય માણસ મૂંઝાઇ જશે. પછી અનિર્ણયાત્મક અવસ્થામાં તે કોઇ ટોળામાં ભાગ બનીને મતદાન કરી આવશે અને ઉમેદવારો લોકશાહીનો જયઘોષ કરશે. ચૂંટણી કરવાનો હેતુ જ એ છે કે લોકોમાં એવો ભ્રમ બની રહે કે તેઓની સરકારમાં ભાગીદારી છે!

તો, વાત લોકની જાગૃતિની છે. તેને મૂંઝવવા રાજકીય પક્ષો અને ઉમેદવારો મેદાને પડશે, અર્જુન જેવા બાહોશ બાણવળી કેવો હતાશ-નિરાશ અને મૂંઝણવમાં પડેલો હતો. તેનાં ગાત્રો શિથિલ થઇ ગયા હતા ને શરીર પરથી ગાંડિવ ધનુષ નીચે સરકી રહ્યું હતું. લોકશાહીના આમ મતદારની ચૂંટણી વેળાની, મતદાન વેળાની, આ આવદશા લગભગ અર્જુન પાસે શ્રીકૃષ્ણરૂપી સારથિ તો હતા! આપણે તો એટલા પણ સદ્નસીબ નથી. આપણે આપબળે વિવેકબુદ્ધિને સતેજ કરીને, આપણું મોબાઇલ ટાવર ઊંચુ અને અડીખમ રાખીને, સંદેશાઓ ઝીલવાના છે અને લોકશાહીની જયોત બૂઝાય નહિ પણ વધુ પ્રજ્જવલિત થાય તેવી દિશામાં લોકસભા જોતી થાય એવા ઉમેદવારને મત આપવાનો છે. અંગ્રેજોમાં કહેવત છે : ઘોડાને પાણી સુધી લઇ જવાય. પછી પાણી તો ઘોડાએ જાતે પીવાનું છે. આશા રાખીએ લોકો સમજું પુરવાર થઇ રહેશે.

રાજકીય પક્ષો તો એના એ જ છે. તેઓ ભાગ્યે જ સારા ઉમેદવારોની શોધ કરતા હોય છે. તેમનાં અંકગણિત જુદા હોય છે. જે જીતી શકે, નાણાં ખર્ચી શકે, તેની તેમને જરૂર હોય છે. અપવાદરૂપે કેટલાક સારા પણ સ્થાન પામી જતા હોય છે પણ લોક પણ કેવું હોય? પુ.ગ. માવળંકર કે કનુભાઇ કળસારિયા પણ મતદારો જીતની મહોર મારી શક્યા નથી. તેમને કયારેક જીતાડ્યા, પછી હરાવ્યા પણ ખરા. આપણા ભાગમાં સારો ઉમેદવાર આવશે કે કેમ એની આપણને કોણ ખાતરી આપશે? લોકશાહીની ચૂંટણીમાં 'મતપેટી' અસંખ્ય રહસ્યો ભંડારીને બેઠી હોય છે! હવે તો સાંસદો દ્વારા સંસદ પર આતંકવાદી હુમલો થાય છે તે તેલંગણા બીલ વખતે આપણે બધાંએ જોયું.

# એક સાવ અભણ સ્ત્રી જે જૂનવાણી કાઠિયાવાડી સંસ્કારોમાં ઊછર્યા હતા, એમણે સત્યાગ્રહી જીવનશૈલી અપનાવી લીધી, એ નાનું સૂનું પરિવર્તન નથી, બધા માનવી આવું પરિવર્તન સિદ્ધ કરી શકતા નથી

## હું રસ્તે રઝળતી વારતા

*- અયના કમલેશ*

કાંઇ કેટલાય વિરણ ગુણો વડે હિન્દના આઝાદી જંગના સૌથી સફળ સેનાની બનેલા તથા 'રાષ્ટ્રપિતા' નું પદ પામેલા મહાત્મા ગાંધીજીના પત્ની કસ્તુરબાનું ઐતિહાસિક મૂલ્યાંકન શું ? એટલે કે ઇતિહાસમાં અને આઝાદી જંગની તવારીખમાં એમનું સ્થાન શું? કેટલાક લેખકોએ એમને માત્ર 'પતિવ્રતા' યાને પતિના શબ્દશબ્દને તથા પગલેપગલાને અનુસરવાનું વ્રત લેનારી નારી તરીકે નિરૂપ્યા છે. ગાંધીજી અને કસ્તુરબાને નિરૂપતા ડઝનબંદ પુસ્તકો અમારી પાસે છે. એમાંથી, એમના અવસાન પછી તરત લખાયેલા, કસ્તુરબા જીવનચરિત્રમાં કેટલાક શબ્દપ્રયોગો આમ છે : 'સતિ', 'પતિ પરમેશ્વર', 'પતિવ્રતનું અભિમાન', 'પિત-પરાયણ', 'પતિની મહેચ્છામાં પોતાની મહેચ્છાઓનું રામ' 'સીતા' વગેરે વગેરે...

ગાંધીજીના વિશે કરોડો શબ્દો લખાયા, પરંતુ કસ્તુરબા વિશે ઘણું ઓછું, એટલું જ નહીં, હિન્દના પુરૂષપ્રધાન સમાજે અન્ય સો સ્ત્રીઓની જેમ કસ્તુરબાને પણ ગૌણ રાખવામાં ભાગ ભજવ્યો. શરૂઆત છેક બાળપણથી થઇ. માત્ર છ વર્ષની ઉંમરે એમનું સગપણ કરી નાખવામાં આવ્યું. અક્ષરેય ભણવા દેવામાં ન આવ્યા. માત્ર તેરેક વર્ષની વયે લગ્ન પતાવી દેવામાં આવ્યાં ખુદ ગાંધીજીના પૌત્ર અરૂણ ગાંધીના જણાવ્યા મુજબ, ગાંધી પરિવારના પુરૂષોની જાતીયતા બળવત્તર હતી. એના ઘણા પીડાકારક અનુભવો થયા. સત્તરની વયે તો એક સંતાનની માતા બનવાવી વેળા આવી. એ પછી વળી પતિ ભણવા માટે વિદેશ ગયા અને કસ્તુરબા એક સંતાન સાથે સાસરામાં એકલા રહ્યા. પછી ગાંધીજી બેરિસ્ટર બનીને આવ્યા છતાં ઉપજાઉ વ્યવસ્થા ન મળ્યો. આફ્રિકા જવાનું થયું. કસ્તુરબાને વિદેશ વેઠવાની વેળા આવી. દરમિયાનમાં ગાંધીજીને બે ધૂનો વળગી. એક તો સંતો અને ત્યાગીઓની રીતે જીવન જીવવાની અને બીજી દક્ષિણ આફ્રિકા સ્થિર હિન્દીઓના હક્કોની હિફાજત કરવાની પ્રથમ ધૂનવશ એક 'આશ્રમ'ની સ્થાપના થઇ, જેનું નામ ફિનિક્સ ફાર્મ હતું. અહીં સ્વાશ્રય પર બેહદ ભાર મૂકાતો. શ્રમનો ભારે મહિમા કરતો. આ મહિમા અનુસાર, સૌએ વારાફરતી સંડાસ સાફ કરવાનો વારો પણ આવતો! એ પ્રમાણે કસ્તુરબાનોય વારો આવ્યો. જૂનવાણી સૌરાષ્ટ્રમાં જે કામ દલિતોનું ગણાતું તે કામ એક બેરિસ્ટરના પત્નીને કરવાનું? રીતસર કજિયો થયો. વાત વધી પડી અને ગાંધીજીએ પત્નીને ઘર છોડી જવાની આજ્ઞા કરી. બાળકું પકડીને એમને ઘર બહાર ઘસડવા માંડ્યા. કસ્તુરબાને લોકલાજની ઢાળ ધરીને ગાંધીજીને આ આત્યંતિક કામની તો વાર્યા, પરંતુ પોતે સમજી ગયા કે ગાંધીજી અગર જાતમહેનતને આટલું મહત્ત્વ આપે છે અને કોઇ પણ કામ હલકું નથી એમ ઠરાવે છે તો વાત સાચી જ હશે! બસ, એ સમયથી કસ્તુરબા ખુદ શ્રમ મહિમા માનતા થયા.

ગાંધીજીએ જે બીજું કામ ઉપાડ્યું હતું એમાં વારંવાર સભા, સરઘસ, કૂચકદમ, તારાબાજી વગેરેનો સમાવેશ થયો. બધું અહિંસક! સરઘસ પર શાસકો ઘોડો દોડાવે તોય કોઇ આંગળીય ઊંચી ન કરે. પ્રતિકાર જ નહીં! દુનિયા પહેલી જ વાર જન આંલોદનની આવી રીત જોઇ રહી હતી. કેટલાક સમય સુધી તો દક્ષિણ આફ્રિકાની જંગલી બ્રિટીશ સરાકરે જૂનવાણી જુલમગીરી ચલાવી. પરંતુ અહિંસાની ઠંડી તાકાત આગળ શાસનના હાથ હેઠા પડ્યા. એણે વારંવાર ગાંધીજીની જીદ આગળ ઝૂકવું પડ્યું. કસ્તુરબાએ આ પણ જોયું. એ પણ સત્યાગ્રહી બની ગયા. બહેનોની ટુકડીની આગેવાની લઇને ધરપકડ વહોરવા. લાઠી-ગોળી પણ ખાવા તૈયાર થઇ ગયા.

આ પછી કસ્તુરબાની સમગ્ર કારકિર્દી સમજુ સત્યાગ્રહી તરીકેને છે. સત્યાગ્રહ સંગ્રામના નારી સેનાપતિ તરીકેની છે. અમારે મન કસ્તુરબાનું આ જીવન પરિવર્તન ગાંધીજી કરતાં ઘણું વધારે શૂરવીરતાનું કામ છે. એક સાવ અભણ સ્ત્રી જે જૂનવાણી કાઠિયાવાડી સંસ્કારોમાં ઊછર્યા હતા. એમણે સત્યાગ્રહી જીવનશૈલી અપનાવી લીધી, એ નાનું સૂનું પરિવર્તન નથી. બધા માનવી આવું પરિવર્તન સિદ્ધ કરી શકતા નથી. અરે, આજે એકવીસમી સદીમાંથી હિન્દની પ્રચંડ મોટી બહુમતી છૂતાછૂતના નરકમાંથી નીકળી શકતી નથી. ધર્મને નાતે ચાલતા ધતિંગોમાં કરોડો કરોડોની સંખ્યામાં જોડાય છે અને લપંટ નાલાયકોને ધર્મગુરૂપદે સ્થાપીને પોતાના તન-મન-ધન યૌવન એમને ચરણે ધરી લે છે, હજુ આજેય ધર્મ અને સંપ્રદાય અને જ્ઞાતિના ઝેર-કોચલામાંથી નીકળીને માનવી કે 'હિન્દી' કે 'ભારતીય'ની ઓળખ અપનાવી શકતા નથી. કસ્તુરબાએ આ મહાન પરિવર્તન ઓગણીસમી સદી પુરી થતા થતામાં સાધી લીધું હતું. દક્ષિણ આફ્રિકા છોડીને ૧૯૧૫માં હિન્દ પાછા ફર્યા તે પછી કસ્તુરબા ૧૯૪૪માં અવસાન પામ્યા એ ત્રીસેક વર્ષના ગાળામાં કસ્તુરબા માત્ર ગાંધીજીનાં પત્ની નહોતા. એમના પ્રથમ સત્યાગ્રહી મહિલા સવાઇ હતા.

જી, હાં - આ વિધાન તદ્દન સાચું છે. એક સમય એવો આવ્યો કે જયારે ગાંધીજીની એક હાકલે લાખો લાખો નરનારી સત્યાગ્રહી કાર્યક્રમોમાં ઝુકાવતા. પરંતુ પ્રથમ મહિલા સત્યાગ્રહી તો કસ્તુરબા જ! વાત એમ હતી કે જેમનાં લગ્ન ઇસાઇ લગ્નવિધિથી ન થયા હોય તેમનાં લગ્ન ફોક ગણાશે! આ ફતવા દ્વારા વધારે તો સ્ત્રીઓને નુકસાન હતું. એમનું સ્થાન પત્ની તરીકેનું ન રહેતા કશુંક બીજું જ બની જતું હતું. ગાંધીજીએ આ વાત કસ્તુરબાને સમજાવી કે તરત એ સત્યાગ્રહી મહિલા ટુકડીનો પ્રથમ સભ્ય તરીકે નોંધાયો. ઇતિહાસે આ ઘટનાની આ રીતની, એટલે કે કસ્તુરબાના દૃષ્ટિકોણથી નોંધ નથી લીધી.

હિન્દ આવ્યા પછી ગાંધીજીએ અમદાવાદના કોચરબ ગામની બાજુમાં સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યા. એમાં ૧૯૧૮ માં એક દલિત પરિવારને સમાન ભાવે સમાવ્યો. આને પરિણામે ઘણાં આશ્રમવાસીઓ, ગ્રામવાસીઓ, સમાજના ધુરંધરોનો વિરોધ ઉઠ્યા, કેટલાક આશ્રમવાસી નીકળી ગયા. આશ્રમને મળવિંદાન બંધ થયા. આશ્રમ સામેના ખેતરે જ કૂવેથી પાણી ભરતાં તે ખેતરનાં માલિક કૂવો 'ભ્રષ્ટ' થઇ જવાની બીકે પાણી લેવા આવવાની બંધી ફરમાવી. આશ્રમમાં કાલના રોટલા કેમ થશે, એની પણ ચિંતા ખડી થઇ... આવા સંજોગોમાંય કસ્તુરબા વિના સંકોચે અડીખમ ઊભાં રહ્યાં.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જીવનમાં નિયતિ અને નીતિ વચ્ચેના સંઘર્ષમાં જિંદગીમાં સ્વીકારવા પડેલા કમકમાટી ભર્યા સમાધાનની કથા

## શબ્દ સમીપે

*નટવર હેડાઉ*

'આ સંસારમાં પાપ અને પુષ્ય જેવું કંઇ છે જ નહીં મનુષ્ય પરિસ્થિતિનો દાસ છે. પાપ અને પુણ્ય સાપેક્ષ શબ્દો છે. એક માણસ માટે જે પુણ્ય હોય તે અન્ય માટે કોઇ પાપ પણ હોઇ શકે.' આના મોલ ફ્રાન્સની નોવેલ 'થેઇસ' પરથી હિન્દી નવલકથાકાર ભગવતીચરણ વર્માને સુઝેલી નવલકથા 'ચિત્રલેખા'નો યાદગાર સંદેશ ટાંકીને આજે મારે તમને ગુજરાતીની એક એવી જ સો-સવાસો પૃષ્ઠોમાં સમાઇ જતી અને મુખ્યત્વે ત્રણ જ પાત્રો પ્રતાપ- અપ્સરા અને રેણુ પર ફોકસ કરતી ટચૂકડી કથાકૃતિ એ માનવીને એના જીવન સાથે કર્ણના કવચ-કુંડળની જેમ પ્રાપ્ત થનારી નિયતિની વાર્તા વિષે વાત કરવી છે.

'કદાચ સાચોસાચ પોતાની આસપાસના જીવંત વાતાવરણમાં સર્જાયેલી કોઇ વાસ્તવિક ઘટનાનો ગુજરાતના જાહેર જીવન સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતા સર્જક કેશુભાઇ દેસાઇ એ 'કબુલાતનામુ' લઘુ નવલકથામાં આસ્વાદ્ય વિનિયોગ કર્યો છે.' એમ પ્રસ્તાવનામાં કુમારપાળ દેસાઇ લખે છે. ત્યારે કેશુભાઇ પોતાના કલમની સાક્ષીએ નિખાલસ કબુલાત કરે છે કે આ કથા પૂર્ણપણે કલ્પના પ્રસ્તુત છે અને આ કથા વાસ્તવિક લાગવી એ 'કથા પ્રપંચ'ની સફળતા છે.

'કબુલાતનામુ' લઘુનવલમાં ઉપાડથી લઇ ઉપસંહાર સુધી વાચકને જકડી રાખતી કથામાં નિયતિ અને નીતિની કશ્મકશ છે. પુરૂષના પુરૂષત્વ અને સ્ત્રીના સ્ત્રીત્વ સામેનો પડકાર છે. મુલ્યો સાથેના છેલ્લી કક્ષાના સમાધાનની જરા કડવી લાગે એવી આ કથા છે. લઘુ નવલનું શીર્ષક 'કબુલાતનામુ' રાખવા પાછળ પહેલી નજરે ખ્રિસ્તી ધર્મના 'કન્ફેકશન' ની પ્રચ્છન્ન અસર વરતાય તે સ્વાભાવિક છે. કારણ કે આ એક માનવીના પતન અન પ્રાયશ્ચિતની કથા છે. જીવનના અંતે એક સંસ્કાર બોધ ફરી એકવાર નાયકના મન એ આત્માનો કબજો લઇ બેસે છે. એથી એ અત્યાર સુધી છુપાવી રાખેલા કહેવાતા 'પાપ'નો એકરાર કતી ડાયરી દીકરીને સોંપતો જાય છે. એના મૃત્યુ પછી દીકરીને એની સાચી જિંદગી પર સિફતપૂર્વક ઢાંકી રાખેલું રહસ્યમય આવતરણ હટાવી પોતે કયારેક આટલી હદે નીચે ઉતર્યો હતો એનો એકરાર કરતું કબૂલાતનામુ જાહેર જનતા સમક્ષ રજુ કરે, એવો પ્રેમાળ આદેશ કરતો જાય છે. દીકરીઓ 'આદર્શ' પિતાની આ વસિયતની અક્ષરસઃ સ્વીકાર કરીએ કથા આલેખી, અલબત્ત તે તમામ સ્ખલનોના એકરારથી પિતાના આત્માનો અજંપો હોલવાશે એવી સંસ્કારગત અપેક્ષાપૂર્વક, પિતૃતર્પણના પરંપરાગત ખ્યાલ સાથે. એથી મરનાર બાપ વિશે દુનિયા ગેરસમજ કરશે એની લેશમાત્ર પરવા રાખ્યા વગર. પોતાને માટે પિતા એ આટલી હદે નીચે ઉતરતું પડવું. એનો રેણુને અફશોસ જરૂર હોઇ શકે, પરંતુ એ અફસોસની સરખામણીમાં સ્ખલનનો એકરાર અને તે પણ જાહેરમાં કરનાર પિતા પ્રત્યે એને ઘણો ઊંચો અહોભાવ છે. 'સત્યના પ્રયોગો' કરનારા મહાત્મા ગાંધીથી એને લોકદૃષ્ટિએ અને ખુદ પોતાના દૃષ્ટિએ પતિત પોતાનો આ પિતા લેશ પણ ઉતરતો નથી વર્તાતો. એ કદાચ પાપી હશે તો પણ 'પવિત્ર પાપી' એવી પ્રતીતિ સાથે વનમંગલ વિદ્યાપીઠની અધિષ્ઠાત્રી રેણુ એના પિતાનું કબુલાતનામુ રજૂ કરે છે.




આ કબુલાતનામુ એ એક અર્થમાં નિયતી સમક્ષ માનવીની નિરાધાર મજબુરીનું કબુલાતનામું છે. સિસેરોનું એક વિધાન છે It is fortune, not wisdom, that rules man's life. લેખકે કલ્પેલું પુરૂષદેહના વિક્રયનું કથાનક સુરૂચિભંગ કરે એ કરતાં વિશેષ કથાનાયકની લાચારી પ્રત્યે અનુકંપા પ્રેરે છે અને કરૂણા જન્માવે છે.

આ લઘુનવલ કોઇ સમસ્યાનું નિરાકરણ નથી શોધતી પણ અહીં તો વખાના માર્યા બે સીધા સાદાં, દુખિયારાં પાત્ર અચાનક એક અષાઢી સાંજે અલપઝલપ એકાંત સ્થળે મળી જાય છે. નાયક એની વિટંબણાઓ વચ્ચે થોડો પગફેરો કરવાના સહજ ઉદ્દેશમાં પાટનગરના 'સરિતા ઉદ્યાન'માં જઇને બેસે છે. ત્યાં એકાએક વાતાવરણ બદલાય છે. ઝાડ સાથે ઓથે ઉભેલી સ્ત્રી એન એને ઇશારો કરે છે. ત્યારે બગીચામાં નર્યું એકાંત છે. આવું જ એકાંત બદલે ખાલીપો સરકાર તથા સમાજ દ્વારા હડધુત વિધુર નાયકના હૈયામાં પણ હતો. મૂલ્યો અને પરંપરાગત સંસ્કારો ઉપરાંત ઘરે એકલી પડી ગયેલી તરૂણ પુત્રીની ચિંતાને કારણે એ ઉતાવળે નીકળી જવા ઇચ્છે છે પણ એ વરસાદને કારણે રોકાઇ જાય છે કે પેલી વર્ષો પથી સામેથી આવી મળેલી અજાણી છતાં આત્મીય લાગતી સ્ત્રી તરફના છૂપા આકર્ષણને લીધે? જવાબ શોધવો અઘરો નથી. અગાઉ પર છોકરીની 'ટીચર'નો કડવો અનુભવ થયેલો હોવા છતાં એ વર્ષો પછી મળી આવેલ તક સંદર્ભે બધાં વળગણ છોડી પુરૂષસહજ સાહસ કરવા પ્રેરાય છે. સંસ્કાર, પરિસ્થિતિ, અપત્ય પ્રેમ, દિવંગત પત્ની પ્રત્યેની વફાદારી, અત્યાર સુધી સતત સંગોપન કરતો રહ્યો એવા સામાજિક અને નૈતિક મુલ્યો : એ બધાં વચ્ચે એનું મન ભારે અજંપો અનુભવે છે. આખરે એનો પુરૂષ બળવો પોકારે છે. ત્યારે 'પુરૂષ' જીતે છે તે પિતા હારે છે.

પ્રતિષ્ઠા ભર્યા પદ પરથી બરતરફ થયેલો પ્રભાત મજબુરીને લીધે દેહવિક્રય કરતી અપ્સરા પ્રત્યે આકર્ષાય છે. અને બે સમદુખિયા જીવ એકબીજાની વધુ ને વધુ નજીક આવે છે. એના પરિણામે જીવનમાં સર્જાતા સંજોગોને કારણે પ્રતાપ પતનની ઊંડી ખાઇમાં ધકેલાઇ જાય છે. માનવ ચિત્તની આ નિર્બળતાનું આ લઘુનવલમાં માર્મિક આલેખન લેખકે કર્યું છે. તે સાથે સાથે તેની નિર્બળતામાંથી કથાનાયક પ્રતાપ બધુ સમજતો હોવા છતાં કઇ રીતે 'શતમુખવિનિપાત' પામે છે એનું ખુબ વેગીલી શૈલીમાં પ્રતિપાદન આપણને અહીં મળે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)